જન્મદિને વધામણી

નરસિંહ એસ પરમાર
ભાજપ જિલ્લા કાર્યાલય મંત્રી
મો. ૯૩૨૮૦ ૬૧૧૯૫

સાકીરહુસેન દિવાન

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસો એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય.

- સંપાદક

એસ જી સ્કૂલમાં સ્ટાફ માટે મેડિકલ કેમ્પનું આયોજન

એસ. જી. અંગ્રેજી પ્રાથમિક શાળા અને એસ. કે. પટેલ કિંડર ગાર્ટન શાળામાં મેડિકલ ચેક-અપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. લાભ હેલ્થ કેર એન્ડ ફિટનેસ, સરગાસણના સૌજન્યથી આ મેડિકલ ચેક-અપ હાથ ધરાયું હતું. આ ચેક-અપમાં એસ. જીય અને એસ. કે. પટેલ સ્કૂલનાં આચાર્ય, શિક્ષક ગણ તથા સમગ્ર સ્ટાફનું સ્યુગર, બ્લડપ્રેશર તેમજ વજનનું ચેક-અપ કરવામાં આવ્યું હતું અને તેમને જરૂરી માર્ગદર્શન પણ આપવામાં આવ્યું હતું. લાભ હેલ્થ કેર એન્ડ ફિટનેસના પ્રિયંક પટેલ, વધઈ સોની, હેલી પટેલ , નિલેશ સોની અને તેમના મદદનીશ દ્વારા આ કાર્યક્રમનું સફળતા પૂર્વક આયોજન થયું હતું.

કલ્પતરૂ ક્રિકેટ કપમાં મલ્ટીમીડિયા ટીમ ધમાકેદાર વિજય સાથે ચેમ્પિયન

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગરમાં સ્થિત કલ્પતરૂ કંપની પોતાના સ્ટાફ માટે દર વર્ષે ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરે છે. આ વખતે પણ એમાં પ્રોડક્શન, એચઆર, માર્કેટિંગ, ક્વૉલિટી, પરચેઝ, મલ્ટીમીડિયા, ઈઓયુ જેવી વિવિધ ૧૩ જેટલી ટીમોએ ભાગ લીધો હતો.

રવિવારે આ સ્પર્ધાની ફાઇનલ મેચ મલ્ટીમીડિયા અને એકાઉન્ટ વિભાગ વચ્ચે યોજાઈ હતી. મલ્ટીમીડિયા ટીમે ટૉસ જીતી પ્રથમ બેટીંગ કરતાં નિર્ધારીત ૧૬ ઓવરમાં ૮ વિકેટ ગુમાવી ૧૨૮ રન કર્યા હતા, જેના જવાબમાં એકાઉન્ટ ટીમ ૬ વિકેટ ગુમાવી માત્ર ૯૫ રન જ કરી શકી હતી. આમ તેનો ૩૩ રને પરાજય થયો હતો. અને મલ્ટીમીડિયા ટીમ આ ચેમ્પિયનશીપમાં ટ્રૉફી વિજેતા બની હતી. ટીમના કેપ્ટન પરાગ પટેલને મેન ઑફ ધી મેચ સાથે બેસ્ટ બેટ્સમેન અને મેન ઑફ ધી સિરીઝની ટ્રૉફી પણ મળી હતી. બેસ્ટ બૉલર તરીકે અવિનાશ ખંડેલવાલ અને સચિન નાયક સંયુક્તપણે વિજયી થયા બતા.

કંપનીના ડિરેક્ટર કમલ જૈન, કેતન પરીખ, બસંત પરશારામક, પંકજ પટેલ, મહેન્દ્ર પટેલ અને નિકુંજ શુક્લના હસ્તે વિજેતાઓને ટ્રૉફી એનાયત કરવામાં આવી હતી.

સમગ્ર ટુર્નામેન્ટનું શિસ્તબદ્ધ આયોજન સાત્વિક ત્રિવેદી, મહેન્દ્ર પટેલ, કેતન ભાવસાર, પરાગ પટેલ, આશિષ ડુંગરાણીએ કર્યું હતું. નોંધપાત્ર વાત એ હતી કે ગત વર્ષે આ ટ્રૉફી ડિસ્પેચ ડેરડેવિલ્સે જીતી હતી અને આ જ ટીમ આ વખતે નવા નામ સાથે આવીને ચેમ્પિયનશીપ જીતી ગઈ હતી.

ડાયરેક્ટ સે

સૌ ગુના બઢ જાતી હૈ
ખુબસુરતી
મહઝ મુસ્કુરાને સે
ફિર ભી
બાઝ નહીં આતે લોગ
મુંહ ફુલાને સે

મનોરંજન

સિટી પલ્સ

સ્ક્રીન-૩
બાહુબલિ
૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦
સ્ક્રીન-૪
મિર્ઝા જુલિયટ
સવારે ૧૦.૦૦, ૩.૩૦,
૧૦.૦૦
લલ્લી કી શાદી મેં લડ્ડુ
દિવાના
૧.૦૦
સ્ક્રીન-૫
મિર્ઝા જુલિયટ
૧૨.૩૦
નામ શબાના
૩.૩૦, ૬.૩૦, ૯.૪૫

શહેરમાં વસતા રાજસ્થાની પરિવારોનું સ્નેહમિલન યોજાયું

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર શહેરમાં વસતા રાજસ્થાની પરિવારોનું સ્નેહમિલન તાજેતરમાં ઘ-૫ ઓપન એર થિયેટર ખાતે યોજાયું હતું.

આ પ્રસંગે રાજસ્થાની પરિવારોએ રાજસ્થાન સ્થાપના દિવસની ઉજવણી કરી હતી અને 'એક શામ રાજસ્થાન કે નામ' શિર્ષક હેઠળ ગીત-સંગીતના મનમોહક કાર્યક્રમનું આયોજન પણ કર્યું હતું, જેના માધ્યમથી રાજસ્થાની કલા, સંસ્કૃતિ અને ઈતિહાસનાં દર્શનનો સૌને લહાવો મળ્યો હતો.

સમસ્ત રાજસ્થાન સમાજ દ્વારા સમગ્ર કાર્યક્રમનું આયોજન, સંચાલન સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું.

નવાં પાઠ્યપુસ્તકો ટૂંક સમયમાં મળશે

ગાંધીનગર, તા. ૧૧

રાજ્યની પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકની સરકારી અને ગ્રાન્ટેડ સ્કૂલોના વિદ્યાર્થીઓને એપ્રિલ માસમાં જ સ્કૂલોમાંથી પુસ્તકો મળી રહે તેવું આયોજન કરાયું છે. પાઠ્ય પુસ્તક મંડળ દ્વારા રાજ્યની તમામ સ્કૂલો સુધી ધોરણ-૧થી ૮ના નિઃશુલ્ક વિતરણ કરવાના પુસ્તકો મોકલી દેવાયા છે અને હવે સ્કૂલોની પરીક્ષા બાદ વિદ્યાર્થીઓ પરિણામ લેવા જશે ત્યારે વિદ્યાર્થીઓને પુસ્તકો મળી જશે. જ્યારે ધોરણ-૯થી ૧૨ના પુસ્તકો મોકલવાની કામગીરી ટૂંક સમયમાં જ શરૂ થશે તેમ સૂત્રોએ જણાવ્યું હતું. આમ, ઉનાળું વેકેશનનો પ્રારંભ થાય તે પહેલાં જ વિદ્યાર્થીઓના હાથમાં આગામી વર્ષના પુસ્તકો આવી જશે.

પાઠ્ય પુસ્તક મંડળના સત્તાવાર સૂત્રોના જણાવ્યા પ્રમાણે, દર વર્ષે વિદ્યાર્થીઓને પુસ્તકો મોડા મળતા હોવાની ફરિયાદ બાદ ચાલુ વર્ષે શાળાઓ પાસેથી વિદ્યાર્થીઓની માહિતી ઓનલાઈન મંગાવવામાં આવી હતી. સ્કૂલોએ પણ સમયસર માહિતી મોકલી આપતા પુસ્તકોપ્રિન્ટ કરવાની કામગીરી સમયસર શરૂ થઈ શકી હતી અને હવે વાર્ષિક પરીક્ષા પુરી થાય તે પહેલાં જ જિલ્લા કક્ષાએ પુસ્તકો મોકલવાની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. જેના પગલે વિદ્યાર્થીઓને વેકેશન પહેલાં જ પુસ્તકો મળી રહેશે અને વેકેશન દરમિયાન આગામી વર્ષનો અભ્યાસ શરૂ કરી શકશે.

અત્યાર સુધી દરવર્ષે વિદ્યાર્થીઓના હાથમાં ધોરણ-૧થી ૮ના નિઃશુલ્ક વિતરણ કરવાના પુસ્તકો મોડા આવતા હોવાની ફરિયાદ ઉઠતી હતી. જોકે, આ સમસ્યાના નિરાકરણ માટે પાઠ્ય પુસ્તક મંડળ દ્વારા કમર કસવામાં આવી હતી.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે ધોરણ-૧થી ૮માં પુસ્તકો જિલ્લા કક્ષાએ પહોંચતા કરી દેવાયા છે અને સ્કૂલોને પણ ટૂંક સમયમાં મળી રહેશે. જેથી સ્કૂલોની વાર્ષિક પરીક્ષા પૂર્ણ થયા બાદ જ્યારે વિદ્યાર્થીઓ પરિણામ લેવા માટે જશે ત્યારે તેમના હાથમાં આગામી વર્ષના પુસ્તકો પણ આપી દેવામાં આવશે. ઉપરાંત ધોરણ-૯થી ૧૨ના પુસ્તકો પણ ટૂંક સમયમાં મોકલી દેવામાં આવનાર છે. આ ઉપરાંત મે માસમાં વેચાણ માટેના પુસ્તકો પણ બજારમાં પહોંચતા કરી દેવાનું આયોજન પાઠ્ય પુસ્તક મંડળ દ્વારા કરાયું છે.

ઈસરો દ્વારા શૈક્ષણિક સંસ્થાઓ સાથે સહયોગ સાધવામાં આવશે

ગાંધીનગર, તા. ૧૧

જીટીયુ અને ઈસરોના સહયોગથી યોજાયેલી હેકથોનનું ગત સપ્તાહે સમાપન કરવામાં આવ્યું ત્યારે આ પ્રસંગે બોલતાં ઈસરોના ચેરમેન એ.એસ.કિરણકુમારે કહ્યું કે ઈસરો કોઈપણ કામગીરીમાં યોગ્ય અભિગમ અને જોશભર્યા પ્રયાસથી સફળતાઓ મેળવે છે. હાલમાં ઉપગ્રહો અવકાશમાં ૨ ટન વજન લઈ જવાની ક્ષમતા ધરાવે છે. આગામી મે માસ સુધીમાં આ ક્ષમતા વધારીને ૪ ટન વજન અવકાશમાં લઈ જઈ શકાય તે પ્રકારની તૈયારીઓ પૂર્ણ કરવામાં આવી રહી છે. યુનિવર્સિટીના કન્વેન્શન સેન્ટરમાં યોજાયેલી હેકાથોનના સમાપનમાં વિજેતા બનનારી ત્રણ ટીમોને ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું. જે ટીમો વિજેતા બની તેમાં પહેલા બે નંબરે તામિલનાડુની ટીમ આવી હતી. ઈસરોના ડાયરેક્ટર એ. એસ. કિરણકુમારે આ પ્રસંગે વિદ્યાર્થીને સંબોધન કરતાં કહ્યું કે, આગામી દિવસોમાં ઈસરો દ્વારા પોતાની જુદી જુદી સમસ્યાઓ શૈક્ષણિક સંસ્થાઓને ઉકેલ માટે સોંપવામાં આવશે. ઈસરો અને શૈક્ષણિક સંસ્થાઓ વચ્ચે ખાસ સહયોગ ઊભો કરાશે. ઈસરો અને ઈન્ડસ્ટ્રીઝ વચ્ચે પણ ભાગીદારી થાય તે દિશામાં કાર્યવાહી કરવામાં આવી રહી છે. ૨૦૨૦માં અમે એકસાથે ૧૮ ઉપગ્રહ લૉન્ચ કરી શકાય તે દિશામાં કામગીરી શરૂ કરવા ઈચ્છીએ છીએ. ઈસરો દ્વારા દર વર્ષે ૨૦૦થી ૨૫૦ જેટલી જગ્યાઓ બહાર પડે છે, એમ પણ તેમણે ઉમેર્યું હતું.

વિદ્યાર્થીઓની સર્જનાત્મક શક્તિઓને ખીલવવા આજે સાંસ્કૃતિક કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૧૨

જિલ્લા વહીવટી તંત્ર, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન તથા શાસનાધિકારી કચેરી, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે ગાંધીનગર શહેર વિસ્તારની ૩૩ સરકારી પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓની સર્જનાત્મક અભિવ્યક્તિને ખીલવવા સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન બુધવારે સવારે ગાંધીનગર ટાઉનહૉલ ખાતે કરવામાં આવ્યું છે.

આ અંગેની માહિતી આપતાં ગાંધીનગર કલેક્ટર સતીશ પટેલ, શાસનાધિકારી છાયાબેન રાવલ અને જિલ્લા શિક્ષણ તાલીમ ભવનના પ્રાચાર્ય આઇ વી પટેલે જણાવ્યું છે કે તા. ૧૨ એપ્રિલ ને સવારે ૮.૧૫ કલાકે ગાંધીનગર ટાઉનહૉલ ખાતે આયોજિત આ કાર્યક્રમના અધ્યક્ષ તરીકે મહેસૂલ અને શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, મુખ્ય મહેમાન તરીકે જળ સંપત્તિ, પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ વિભાગના મંત્રી નાનુભાઈ વાનાણી, ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ શંભુજી ઠાકોર, મહિલા અને બાળ કલ્યાણ મંત્રી ડૉ. નિર્મલાબેન વાઘવાણી અને પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ અગ્ર સચિવ સુનયનાબેન તોમર ઉપસ્થિત રહેશે.

ગાંધીનગર જિલ્લા પંચાયતની આઈસીડીએસ શાખાના સૌજન્યથી આયોજિત આ કાર્યક્રમમાં પધારવા અને સરકારી પ્રાથમિક શાળાઓનાં બાળકોને પ્રોત્સાહિત કરવા માટે પધારવા સૌ કલાપ્રેમી નગરજનોને આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

સાચુકલું, વિશુદ્ધ અને નૈસર્ગિક જીવન : વ્યક્તિત્વમાં સચ્ચાઈનો રણકો

વ્યક્તિના હૃદય અને મનમાં અનેક પ્રકારની લાગણીઓ ઘૂંટાતી રહે છે. પોતાના મન અને હૃદયમાં ઘૂંટતી બધા જ પ્રકારની લાગણીઓને તે અન્ય લોકોને જણાવતી નથી કે લાગણીઓને વ્યકત કરીને હળવીફૂલ પણ થતી નથી. પોતાના દુઃખ, દર્દ, વ્યથા, ખુશી, મિત્રો કે સ્નેહીઓ સાથે થયેલા સુખદ કે દુઃખદ અનુભવો, એ બધુ જ વ્યક્તિ પોતાની પાસે, પોતાના હૃદયમાં ધરબી રાખે છે. પોતાના જીવનના મોટાભાગના રહસ્યોની લોકોને જાણ ના થાય એની સતત કાળજી રાખે છે. હા, વ્યક્તિ ઈ ખુલ્લીને જે કઈ વ્યક્ત કરે છે, એ પોતાના જીવનનો બહુ ઓછો ભાગ હોય છે. બાકીનું આઈસબર્ગની જેમ વ્યક્તિના દરિયા જેવા હૃદયના પેટાળમાં છુપાયેલુ જ રહે છે.

પોતાના જીવનની મોટાભાગની વાસ્તવિકતાઓ, સચ્ચાઈઓ, હકીકતો, વ્યક્તિ શા માટે છુપાવી રાખે છે? વ્યક્તિ પોતાની અસલિયત સાથે, પોતાના અસ્સલ વ્યક્તિત્વ સાથે શા માટે લોકો સમક્ષ ખુલ્લીને પ્રગટ નથી થતી? આવું કરતાં એને કોણ રોકે છે?

આમ કરવાનું એક કારણ એ હોય શકે કે વ્યક્તિને એક વાતનો ભય કે ડર હોય છે કે પોતાનું વાસ્તવિક સ્વરૂપ લોકો જો જાણી જશે તો તેના આધારે લોકો પોતાના વિષે અણગમતાં અભિપ્રાયો બાંધી લેશે અને તેને કારણે પોતે કદાચ લોકોની અણગમતી વ્યક્તિ બની જાય. ''જેટલા વધુ લોકો મારા વિષે વધુ જાણશે એટલો હું બધારે નબળો પડી જઈશ'' એવો ભય વ્યક્તિને સતત સતાવે છે એટલે પોતે પોતાનું સાચું સ્વરૂપ વ્યક્તિ લોકો સમક્ષ રજૂ કરતી નથી.

દરેક વ્યક્તિને પોતાનો સારો-નરસો, ગમતો-અણગમતો, સુખી-દુખી, ભૂતકાળ હોય છે. વ્યક્તિ ઘણીવાર પોતાના ભૂતકાળને ભૂલવા માંગે છે અને ક્યારેક પોતાના ભૂતકાળની કેટલીક ઘટનાઓને છુપાવવા પણ માંગે છે. વ્યક્તિને પોતાના ભૂતકાળે આપેલા ઝખ્મો, હતાશા, સુખ કે દુઃખ એ પોતાના વ્યક્તિત્વનું અવિભાજ્ય અંગ બની ગયા હોય છે, છતાં વ્યક્તિ એને ભૂલવા કે છુપાવવા ઇચ્છે છે. જીવનની સચ્ચાઈ એ છે કે વ્યક્તિ પોતે વર્તમાનમાં જે કઈ છે, તેનો પાયો તેના ભૂતકાળમાં નંખાયેલો હોય છે. વ્યક્તિ જો પોતાના સંપૂર્ણ ભૂતકાળને સ્વીકારીને જીવે, પોતાના સુખ, દુઃખ, હતાશા, પોતાની થયેલી ભૂલોને સ્વીકારીને જીવે, પોતાના ભૂતકાળને પોતાના જીવનનું એક અવિભાજ્ય અંગ માનીને જીવે, તો તેને પોતાના ભૂતકાળને છુપાવવાની જરૂર નહીં લાગે.

ભૂતકાળના ઝખ્મોને છુપાવવા કે ભૂલવા એ પણ સહેલું નથી. પોતાને ભૂતકાળમાં પડેલા ઉઝરડાઓને વ્યક્તિ જ્યારે છુપાવવાનો પ્રયત્ન કરે છે ત્યારે તેને અસહ્ય વેદના થતી હોય છે. એ વેદના સહન કરતાં કરતાં ક્યારેક વ્યક્તિનું પોણું વ્યક્તિત્વ પણ ધરમૂળ થી બદલાઈ જાય છે જેની વ્યક્તિને પોતાને જ ખબર નથી રહેતી. બદલાય ગયેલા વ્યક્તિત્વની વેદના વધારે અસહ્ય હોય છે.

વ્યક્તિ પોતાના ભૂતકાળ ને જેટલો વધારે સ્વીકારશે, પોતાના ભૂતકાળને અન્ય લોકોથી જેટલો ઓછો છુપાવશે, પોતે જેવી છે એવી જ દેખાવા માટે જેટલો વધારે પ્રયત્ન કરશે, વ્યક્તિ એટલું જ સાચું, વાસ્તવિક, વિશુધ્ધ અને નૈસર્ગિક જીવન જીવી શકશે. પોતાના નૈસર્ગિક જીવન સાથે વ્યક્તિ જે કોઈ લોકો સાથે વ્યવહાર કરશે, એ લોકોને પણ એ વ્યક્તિના વ્યક્તિત્વમાં સચ્ચાઈનો રણકો સાંભળશે.

જીવનને સાચા અર્થમાં, સંતોષકારક જીવન જીવવા આડેનો સૌથી મોટો અવરોધ હોય તો તે આપણો ભૂતકાળ છે. લોકોને અન્ય વ્યક્તિઓના ભૂતકાળમાં ડોકિયું કરવાની આદત જ હોય છે એટલે તેઓ હંમેશા આપણાં ભૂતકાળમાં ખણખોદ કરતાં જ રહે છે. આપણાં ભૂતકાળમાથી લોકોને જ્યારે પણ, અજુગતું, અણગમતું, નકારાત્મક મળી આવે છે ત્યારે જાણે તેઓને પુરાતનકાળના વિકૃત અવશેષો મળી આવ્યા હોય એવો ઉહાપોહ કરે છે અને તેને હથિયાર બનાવીને આપણને ઉતારી પાડવા કે હેઠા પાડવા માટે પ્રયત્ન કરે છે. આવું બને છે ત્યારે આપણે હતાશાની ઊંડી ગર્તામાં ધકેલાઈ જઈએ છીએ અને આપણો વિકાસ રુંધાઈ જાય છે. જો આપણે આપણો ભૂતકાળ અને ભૂતકાળના ગમતાં-અણગમતાં રહસ્યો ખુલ્લી કિતાબ જેવા રાખ્યા હોય તો લોકોને આપણાં ભૂતકાળને ખોદવાની તક નહીં મળે અને આપણો વિકાસ અવરોધાશે નહીં.

આપણાં સૌનો પ્રયત્ન હંમેશા એવો જ હોય છે કે લોકો સમક્ષ આપણે સારા દેખાઈએ, લોકોના મનમાં આપની સારી વ્યક્તિ તરીકેની છાપ ઊભી થાય અને લોકો આપણને સજ્જન તરીકે જ ઓળખે. કોઈ પણ ભોગે, હંમેશા સારા જ દેખાવાનો આપણો અભિગમ આપણાં વ્યક્તિત્વની તંદુરસ્તીની સારી નિશાની નથી. આપણાં વ્યક્તિત્વને મજબૂત બનાવવું હોય, આપણાં તંદુરસ્ત વ્યક્તિત્વને જાળવી રાખવું હોય તો આપણાં ભૂતકાળમાં ખૂબ જ ઊંડે સુધી ધરબાયેલી અને છુપાવી રાખેલા આપણાં વ્યક્તિત્વના અવશેષો જેવી ખાસિયતોને લોકો સમક્ષ વધુમાં વધુ ખુલ્લી કરવી પડે.

આપણો ભૂતકાળ, આપણાં ભૂતકાળની સારી-નરસી ઘટનાઓ, આપણી ખાસિયતો, આપણી વિશિષ્ટતાઓ, આપણી લાક્ષણિકતાઓ, એ બધુ જ આપણાં વ્યક્તિત્વની નબળી કળીઓ જ હોય એવુ નથી. એ બધું જ આપણી નબળાઈઓ જ છે એમ માનીને જો એ રહસ્યોને છુપાવી રાખીશું તો આપણે જેવા છીએ એવા વ્યક્ત નહી થઈ શકીએ. તેના બદલે એ બધી જ વિશિષ્ટતાઓ, ખાસિયતો, લક્ષણો, ઘટનાઓ અને ભૂલોને લોકો સમક્ષ વધુમાં વધુ ખુલ્લા કરીને આપણે જેવા છીએ એવા જ દેખાવાનું પસંદ કરીએ. શરૂઆત કરવા માટે આપણે જેવા છીએ એવા જ સ્વરૂપે એવો લોકો સમક્ષ રજૂ થઈએ જે લોકો આપણ ને જેવા છીએ એવા જ સ્વરૂપે સ્વીકારી શકે. આમ કરવાથી આપણો આત્મવિશ્વાસ વધશે. હા. એક વાસ્તવિકતા એ પણ છે કે આપણે જેવા છીએ એવા સંપૂર્ણ સ્વરૂપે બધા જ લોકો આપણને સ્વીકારી ના શકે. એવી અપેક્ષા પણ ના રાખી શકાય. પણ એનો અર્થ એ નથી કે ખોટા સ્વાંગ ધારણ કરીને આપણે આપણી જાતને જ છેતરતા રહીએ.

આપણે જ્યારે લોકો સમક્ષ સાચા સ્વરૂપે પ્રગટ થઈએ છીએ ત્યારે આપણાં સંપૂર્ણ સ્વીકારની પૂર્વ શરત એ જ છે કે સૌ પ્રથમ આપણે આપણી જાતને જેવી છે એવી સ્વીકારીએ. આપણે જેવા છીએ એવા જ આપણે પોતે જ નહીં સ્વીકારીએ તો એવી અપેક્ષા આપણે લોકો પાસેથી કેમ રાખી શકીએ? સૌ પ્રથમ આપણે આપણાં સાચા, ખરા, સાચુકલા, વ્યક્તિત્વને સ્વીકારીએ અને પછી જ લોકો સમક્ષ એવા જ સ્વરૂપે પ્રગટ થઈએ.



આવો જીવીએ શાનદાર
વિનોદ અમલાણી

vamlani@yahoo.co.uk

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં રમતોત્સવ યોજાયો

દોડ, બૂક બૅલેન્સ, ફ્રૉગ રેસ, પૅક ધ બેગ, મ્યુઝીકલ ચૅર, સ્કેટીંગ, સંગીત ખુરશી, દોરડા ખેંચ જેવી રમતોની સ્પર્ધાઓમાં બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલના પ્રિ-પ્રાઈમરી વિભાગમાં તાજેતરમાં સ્પોર્ટ્સ ડેની ઉજવણી કરવામાં આવી હતી.

આ કાર્યક્રમની શરૂઆત બાળકો દ્વારા એરોબિક્સ ડાન્સથી કરવામાં આવી હતી. એ પછી આયોજિત વિવિધ રમતોના ક્રમમાં દોડ, બૂક બૅલેન્સ, ફ્રૉગ રેસ, પૅક ધ બેગ, મ્યુઝીકલ ચૅર, સ્કેટીંગ, સંગીત ખુરશી, દોરડા ખેંચ જેવી રમતોની સ્પર્ધાઓમાં બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

આ પ્રસંગે આચાર્યએ ઉપસ્થિત રહીને બાળકોને પ્રોત્સાહિત કરતાં સંદેશ આપ્યો હતો કે 'સ્પોર્ટ્સ આપણા જીવન માટે ઘણું મહત્ત્વનું છે. રોજ રમવું જોઈએ, જેથી શરીર તંદુરસ્ત રહે.'

વાચકોને આમંત્રણ

સંવેદના વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવે છે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું હોય છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને એડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે. આ વખતનો વિષય છે :

'મારું માયાળુ મોસાળ'